ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૭ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૪૩ ટકા

# શહેરમાં રાજકીય ધમધમાટ

## આજે એનસીપી અને બસપાના કાર્યાલયનો શુભારંભ

ગાંધીનગર, તા.૨૯

શિયાળાની ફુલગુલાબી ઠંડી વચ્ચે પણ શહેરમાં રાજકીય ગરમાવો બરાબરનો જામ્યો છે. ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો માટે ૮૫ ઉમેદવારો મેદાનમાં છે. ત્યારે તા.૩૦ના રોજ ઉમેદવારી પત્ર પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે. ત્યારબાદ ચુંટણીનું ચિત્ર ઉમેદવારો વચ્ચે સ્પષ્ટ થશે.ગાંધીનગર શહેરમાં રાજકીય ચુંટણીનો માહોલ ઠેરઠેર જોવા મળી રહ્યો છે. જેને પગલે રાજકીય પાર્ટીઓ પોતાના મધ્યસ્થ કાર્યાલયની શરુઆત કરવા માટે શહેરના મુખ્ય સ્થળો પર દુકાનોની શોધખોળ શરુ કરી દીધી છે. તો કેટલાક પક્ષોના મધ્યસ્થ કાર્યાલયનો પ્રારંભ થઈ ગયો છે. જેમાં ભાજપ પક્ષનું કાર્યાલય સેકટર-૧૬ ઘ-૪ ખાતે શરુ થઈ ગયું છે. ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા પણ શહેરની મધ્યમાં કાર્યાલય માટે યોગ્ય સ્થળ અને જગ્યા મળે તેની રાહ જોઈ રહ્યા છે. કોંગ્રેસ પણ ઘ-૪ થી ઘ-૫ વચ્ચે કાર્યાલયનો શુભારંભ ગઈકાલ સાંજ સુધીમાં કરે તેવી શકયતાઓ છે. તો બીજીતરફ નેશનલ કોંગ્રેસ પાર્ટીનું કાર્યાલય સેકટર-૧૭ખાતે સાંજે ૫ કલાકે સંતગણની ઉપસ્થિતિમાં ખુલ્લુ મુકવામાં આવશે. ત્યારબાદ એનસીપી દ્વારા પ્રચાર પડઘમનો શરુઆત થશે. જયારે આપ પાર્ટીનું કાર્યાલય સેકટર-૨૪ ખાતે કાર્યરત થઈ ગયું છે. જયારે બહુજન સમાજ પાર્ટીનું કાર્યાલય તા-૩૦ ના રોજ સાંજે ૫ કલાકે સેકટર-૬ ગ-૨ કોર્નર ખાતે ખુલ્લું મુકવામાં આવશે. જયારે દક્ષિણ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસ પક્ષ દ્વારા ચિલોડા અને અડાલજ ખાતે મધ્યસ્થ કાર્યાલય કાર્યકર્તાઓ માટે ખુલ્લુ મુકવામાં આવશે. ત્યારબાદ પ્રચાર પડઘમની શરુઆત થશે કાર્યકરો ચુંટણીમાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તાર ખુંદી વળશે. સવારથી સાંજ સુધી વિવિધ પાર્ટીના કાર્યકર્તાઓ જ શહેરમાં ફરતા જોવા મળશે. જયારે શહેરમાં પણ ચૌરે ને ચૌટે કયો ઉમેદવાર જીતશે અને કયો પક્ષ હારશે તેની જ ચર્ચાઓ ચારેકોર જોવા મળી રહી છે. જયારે કેટલાક મધ્યસ્થ કાર્યાલય ખાતે કાર્યકરો મોડીરાત સુધી ચા-પાણીના નાસ્તા કરતા નજરે પડે છે. તેમજ રાજનીતીની રણનીતી ઘડી રહ્યા છે. શિયાળાની ઠંડીમાં પણ મોડીરાત સુધી રાજકીય ગરમાવો જામી રહ્યો છે. ત્યારે ગાંધીનગર શહેરમાં ચુંટણીનો રાજકીય ધમધમાટ બરાબરનો જામ્યો છે.

## ફિકસ પગારના ૫ વર્ષ પૂર્ણ કર્યા બાદ કાયમી કર્મચારીઓને ઈજાફા આપવાનો સરકારનો ઈન્કાર

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે તા. ૧૮-૧-૧૭ના રોજ પ્રેસ કોન્ફરન્સ યોજી ફિકસ પગારના કર્મચારીઓનો રેગ્યુલર કર્મચારીઓને મળે છે એટલું જ મુસાફરી ભથ્થું, ૧૦ ટકા ઘર ભાડા ભથ્થું, તબીબી ભથ્થું આપવાની જાહેરાત કરી હતી. પરંતુ ઠરાવમાં આ બાબતે કોઈ ઉલ્લેખ કર્યો ન હતો જેને પગલે કોઈ પણ ફિકસ પગારના યુવાનોને આ લાભો મળેલ નથી. જેને પગલે અધ્યાપક સહાયકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. તેમજ કાયમી થનાર કર્મચારીઓને ઈજાફા આપવાનું કહીને સરકાર ફરી ગઈ હોવાનો આક્ષેપ અધ્યાપક સહાયક મંડળ દ્વારા કરાયો છે. રાજયના તમામ કર્મચારીઓની વિવિધ માંગણીઓનો સરકારે સ્વીકાર ન કરાતા તમામ કર્મચારીઓમાં વિરોધની લાગણી ફેલાઈ છે અને આગામી ચુંટણીમાં કર્મચારીઓનો વિરોધનો વંટોળ દેખાય તો નવાઈ નહી.

આ અંગે અધ્યાપક સહાયક મંડળના પ્રમુખ શશીકાંત તૈરેયાએ જણાવ્યું છે કે ફિકસ પગારના કર્મચારીઓને ૫ વર્ષની ફિકસ પગારની સેવાને બઢતી, પ્રવરતા, સીનીયોરીટી, તથા ઉચ્ચતર પગાર ધોરણ માટે ગણવામાં આવશે. જેથી ૫ વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ કરનાર ફિકસ પગારના યુવાનોએ તેઓને ઠરાવની જોગવાઈ મુજબ મળવાપાત્ર ૫ ઈજાફાની સરકારમાં માંગણી કરેલ હતી. પરંતુ સરકારે તેઓની આ માંગણીનો અસ્વીકાર કરેલ છે.સરકારે આ સેવાને ઉચ્ચતર પગાર ધોરણ માટે પણ ગણવાની જોગવાઈ કરેલ છે. જેના માટે કર્મચારીઓને ૧૨ વર્ષની સેવામાં ૧૨ ઈજાફા મળેલ હોય તો જ તેઓને ઉચ્ચતર પગાર ધોરણ મળી શકે છે. આ મુદ્દાને કોર્ટ સમક્ષ પડકારવાની પણ તૈયારીઓ અધ્યાપક સહાયક મંડળ દ્વારા કરી દેવાઈ છે. સરકારે ૨ ઈજાફાને ભવિષ્યની અસરથી રોકવામોટી શિક્ષા તરીકે ગણેલી છે. ત્યારે રાજયના ૧૦ લાખથી વધુ યુવાનો સાથે જીપીએસસી જેવી પરિક્ષામાં પ્રતિસ્પર્ધા કરીને નોકરી મેળવનાર ફિકસ પગારના યુવાનોને ૫ ઈજાફા ન આપીને સરકારે અન્યાય કર્યો હોવાનું કર્મચારીઓ અનુભવી રહ્યા છે. ત્યારે સરકારે તમામ કર્મચારીઓની વિવિધ માંગણીઓ ન સ્વીકારતા કર્મચારીઓમાં વિરોધનો વંટોળ ફેલાયો છે અને આગામી ચુંટણીમાં પણ આ વિરોધની અસર વર્તાય તો નવાઈ નહીં.






૫૨ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે, બોર્ડર સિક્યુરિટી ફોર્સ તેના રાઈઝીંગ ડેની ઉજવણી કરી રહ્યું છે. ઉજવણીની શ્રેણીમાં, બીએસએફ ફ્રન્ટીયર ગાંધીનગર (ગુજરાત) દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

૫૨ મી બીએસએફ રાઈઝીંગ ડેના પ્રસંગે ૨૮ મી નવેમ્બર, ૨૦૧૭ ના રોજ સ્પોર્ટસ કોમ્પલેક્ષ બીએસએફ ગાંધીનગરથી ઝીરો સર્કલ ગાંધીનગર સુધી ૨૦ કિમીની બીએસએફ કેમ્પસની સાયકલ રેલી એફટીઆર એચક્યુ બીએસએફ ગુજ. દ્વારા આયોજિત કરવામાં આવી હતી. જેમાં સુનૈના તોમર, આઈ.એ.એસ., શ્રી અજય કુમાર તોમર-આઈપીએસ, આઈજી એફટીઆર-એચ.કે. ગુજરાત, અધિકારીઓ, એસઓએસ, ઓઆરએસ ગુજરાત અને અગ્રણી સાઈકલ સદસ્યોએ રેલીમાં ભાગ લીધો હતો. રેલી પૂર્ણ થવા પર અજયકુમાર તોમર, આઈપીએસ, આઈજી, એફટીઆર બીએસએફ ગુજરાતે રાષ્ટ્રીય સુરક્ષામાં બોર્ડર સિક્યોરિટી ફોર્સની ભૂમિકા પર ભાર મૂકતા સહભાગીઓને સંબોધ્યા હતા.

## બીબીએ કોલેજમાં 'કેમ્પસ ટુ કોર્પોરેટર' વિષે વર્કશોપ

ગાંધીનગર, તા.૨૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બીબીએ કોલેજ દ્વારા 'કેમ્પસ ટુ કોર્પોરેટ' વિષય પર વર્કશોપનું આયોજન તૃતીય વર્ષનાં તેમજ દ્વિતીય વર્ષનાં વિદ્યાર્થીઓ માટે યોજાયુ હતું. કેમ્પસથી કોર્પોરેટમાં સફળ કારકિર્દીના ઘડતર માટેના વર્કશોપમાં લર્નિંગ એન્ડ ડેવલોપમેન્ટ કન્સલ્ટન્ટ અમિતભાઈ દવે તેમજ પંકજ તિવારીએ માર્ગદર્શન આપ્યું હતું. તજજ્ઞોએ સાંપ્રત વિષય પર વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી તેમજ કોલેજની આગામી દિવસોની પ્રવૃત્તિઓ બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. વર્કશોપમાં તજજ્ઞ અમિતદવેએ વિદ્યાર્થીઓને કેરિયર ઓપ્શન્સ બાબતે જણાવતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ માર્કેટિંગ ફાયનાન્સ કે એચ આરમાં કારકિર્દી ઘડવા માટે પહેલાથી જે તે ક્ષેત્ર માટે પુરતી સમજ કેળવવી જોઈએ. તેમજ તેમને જેમાં રૂચી હોય તેમાં આગળ વધવું જોઈએ. કોલેજનાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીનાં હેડ ડૉ.જયેશ તન્ના, પ્રો.માર્ગી દેસાઈ અને પ્રો.પ્રજ્ઞેશ નવલખા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## આજે સમદર્શન આશ્રમમાં ગીતા જયંતિ નિમિત્તે ગીતા પારાયણ

ગાંધીનગર, તા.૨૯

સમદર્શન આશ્રમ સેકટર-૧ ગાંધીનગર દ્વારા ગીતા જયંતિ નિમિત્તે શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પારાયણ રાખવામાં આવેલ છે. આ વર્ષે તા. ૩૦મી નવેમ્બરના રોજ સાંજે ચારથી સાત કલાક દરમિયાન ગીતાજીનું પારાયણ અને ત્યારબાદ આરતી પ્રસાદ સમદર્શન ખાતે રાખવામાં આવેલ છે.

સમદર્શન આશ્રમમાં શ્રીમદ્ ભગવદ ગીતાજીનો સત્સંગ નિયમિત રીતે દર સોમવાર અને શુક્રવારે સાંજે સાડા છ વાગે થાય છે. ગીતા પ્રેમી ભકતોને ઉપસ્થિત રહેવા સમદર્શન આશ્રમના ટ્રસ્ટીશ્રીએ જણાવેલ છે.

## નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા વિદ્યાર્થીઓને બેઝિક તાલિમ અપાઈ

ગાંધીનગર, તા.૨૯

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ-સરગાસણ ખાતે તા. ૯ નવેમ્બરથી તા. ૧૧ નવેમ્બર દરમિયાન ધોરણ-૧૧ના વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓ માટે નાગરિક સંરક્ષણની બેઝિક તાલિમ યોજવામાં આવી હતી. 'નાગરિક સંરક્ષણ કચેરી' ગાંધીનગર યુનિટ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં ધોરણ-૧૧ના વિજ્ઞાનપ્રવાહના ૧૧૧ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ઈન્ફોસીટી શાળાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દલસાણીયા તથા પ્રમુખશ્રી વી.વી. વૈષ્ણવ, સંસ્થાના કો-ઓર્ડિનેટર રાહુલભાઈ તથા હાયર સેકન્ડરીના પ્રિન્સીપાલ અમિતાબેન ઉપસ્થિત રહ્યા હતા.

## ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સની ટીમો દ્વારા ગાંધીનગરમાં ૩ કેસ કરાયા છે

ગાંધીનગર, તા. ૨૯

રાજયમાં ફલાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સની ટીમ દ્વારા રોકડ રકમ અને સોનુ જપ્ત કરવાના ૨૭ કેસ નોંધાયા છે. જે પૈકી ૩ કેસ ગાંધીનગરમાં નોંધાયા છે.

ચૂંટણી પંચની સાપ્તાહિક પત્રકાર પરિષદમાં આ વિગતો આપવામાં આવી હતી. પત્રકાર પરિષદમાં જણાવ્યા મુજબ જે કેસો નોંધાયા છે તેમાં બનાસકાંઠા, મોરબીમાં ચાર-ચાર, નવસારી, ગાંધીનગર અને ખેડામાં ત્રણ-ત્રણ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત જામનગર, અમદાવાદ શહેર, છોટાઉદેપુર, દાહોદ, ભાવનગર, અમરેલી, પાટણ, સુરેન્દ્રનગર, આણંદ અને તાપીમાં એક-એક કેસ નોંધાયા છે.

નોંધાયેલા આ કેસો પૈકી ૧૫ કેસમાં રૂ. ૧૮૪ કરોડની રકમ જપ્ત કરવામાં આવી છે. આ દરમ્યાન ૧૪ કેસની તપાસ ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટને સોંપવામાં આવી છે. આ કાર્યવાહી દરમ્યાન ૧,૬૯,૩૮૦ની કિંમતનો વિદેશી દારૂ પણ જપ્ત કરવામાં આવ્યો છે. રાજયની આંતરરાષ્ટ્રીય, આંતર રાજય જળ અને જમીન સીમાઓથી થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા બી.એસ.એફ., કોસ્ટગાર્ડ, નારકોટીસ બ્યુરો તેમજ રાજયના વિમાન મથકોએ તકેદારી રાખવા સી.આઈ.એસ.એફ. સાથે સંકલન રાખવામાં આવી રહ્યું છે.

## રખિયાલમાં દેશી દારૂની ચાલુ ભઠ્ઠી ઉપર સીપીઆઈનો દરોડો

### ભઠ્ઠાના બેરલો અને ૩૨ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના રખિયાલ વિસ્તારમાં આવેલ ગોબા તળાવના કિનારે દેશી દારૂની ભઠ્ઠી ધમધમી રહી હોવાની બાતમીને આધારે સીપીઆઈની ટીમે દરોડો પાડી ચાલુ ભઠ્ઠી પકડી પાડી હતી. ચાલુ ભઠ્ઠીનું બેરલ તથા આથાનાં બેરલો તથા દેશી દારૂ ૩૨ લીટર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

સર્કલ પી.આઈ. એલ.ડી. વાઘેલાને ચોકકસ બાતમી મળી હતી કે દહેગામ પાસેના રખિયાલ નજીક સાંપા ગામના ગોબા તળાવની પ્રાથમિક શાળા પાછળ દેશી દારૂની ભઠ્ઠી ચાલે છે. આ બાતમી આધારે એલ.ડી. વાઘેલાની ટીમે સ્થળ પર દરોડો પાડી લાઈવ ભઠ્ઠી પર સપાટો બોલાવ્યો હતો. સીપીઆઈની ટીમે દરોડો પાડી ચાલુ ભઠ્ઠી ઝડપી લઈને ભઠ્ઠી પર મુકેલું બેરલ, આથા માટે મુકાયેલા બેરલો તથા ૩૨ લીટર દેશી દારૂ સહિત કુલ રૂ. ૩૨૭૦નો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. આ ગુનામાં રાજુ ગાભુસિંહ ચૌહાણ વિરુધ્ધ રખિયાલ પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સિવિલમાં વયોવૃધ્ધ દર્દીઓને પ્રાધાન્ય અપાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓપીડી વિભાગમાં વયોવૃધ્ધ દર્દીઓ માટે અલગ લાઈન હોય અને ત્યાં એમને ઓછી મુશ્કેલી પડે તે રીતે તેઓ ડોકટરને જ બતાવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી વારંવારની રજુઆત બાદ તંત્રએ આ વ્યવસ્થા કરી છે. પરંતુ તે ફકત નામ પુરતી જ હોય તેમ ઓપીડીની લાંબી લાઈનો ઉપરથી લાગી રહ્યું છે. આ ઉપરાંત વયોવૃધ્ધ દર્દી કે જે લાંબો સમય બેસી પણ શકતા ન હોય તેવા દર્દીને દવા અને કેસની લાંબી લાઈનમાં ઉભા રહેવું પડે છે. ત્યારે આ અંગે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આજે સિવિલ હોસ્પિટલના લેવામાં આવેલા રાઉન્ડ દરમિયાન સ્થાનિક અધિકારીઓને સુચન કર્યુ હતું. ત્યારે આ દર્દીઓને લાઈનમાં ઉભા કે બેસવું ન પડે તે રીતે વ્યવસ્થા ગોઠવવા માટે સિવિલના અધિકારીઓને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારી દ્વારા સુચના આપવામાં આવી છે.

જેને પગલે હવે સિવિલના સત્તાધિશો ખાસ બેઠક કરીને ઓપીડી બિલ્ડીંગથી લઈને તાત્કાલીક સારવાર વિભાગ અને ૬૦૦ બેડની હોસ્પિટલ બિલ્ડીંગ તથા એકસ-રે, સોનોગ્રાફી, લેબોરેટરી, વિભાગમાં પણ વયોવૃધ્ધ દર્દીઓને પ્રાધાન્ય આપવામાં આવશે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. સિવિલમાં કાગળ પર યોજનાઓ તૈયાર કરી દેવામાં આવે છે. પરંતુ તેનો અમલ કરવામાં આવતો નથી જેને પગલે શહેરના વયોવૃદ્ધ નાગરીકોને હેરાન થવુ પડે છે. સિવિલમાં દવા તેમજ ઓપીડીમાં લાંબી લાઈનોમાં વડીલોને હેરાન થવુ પડે છે. ત્યારે સિવિલમાં વડીલો માટે ખાસ વ્યવસ્થાનો અમલ થાય તે ખુબ જરૂરી બન્યું છે.

## મગોડી પી.આર. ઠકકર હાઈસ્કૂલનું ગૌરવ



ચિલોડા, તા. ૨૯

ગુજરાત રાજય શાળાકીય રસ્સાખેંચ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાના મગોડી ગામ ખાતે આવેલ પી.આર. ઠકકર વિદ્યાવિહારના વિદ્યાર્થીઓની ટીમે અન્ડર-૧૪ (ભાઈઓ) ભાગ લીધો હતો. ગોધરા ખાતે યોજાયેલ સ્પર્ધામાં મગોડી શાળાની ટીમે સમગ્ર રાજયમાં દ્વિતિય ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શાળાનું જિલ્લા અને રાજયમાં નામ રોશન કર્યુ છે. વિદ્યાર્થીઓની ટીમની આ સિધ્ધિ બદલ શાળા પરિવારમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓને શાળાના વ્યાયામ શિક્ષક જે.બી. ચૌધરી દ્વારા જરુરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. રસ્સા ખેંચ ટીમને કેળવણી મંડળ તેમજ શાળાના આચાર્ય દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ઘરફોડ ચોરીના ગુનામાં ૯ વર્ષથી વોન્ટેડ શખ્સ પકડાયો

### ભીલડી ટાઉનમાં દુકાનનું શટર તોડયું હતું : ગાંધીનગર એલસીબીએ રૂપાલથી દબોચી લીધો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એલસીબીની ટીમે ગાંધીનગરમાંથી ૯ વર્ષથી નાસતા ફરતા ઘરફોડ ચોરીના ગુનામાં આરોપીને પકડી પાડયો છે. આ શખ્સે ૯ વર્ષ પહેલા બનાસકાંઠાના ભીલડી વિસ્તારમાં દુકાનનું શટર તોડયું હતું. ત્યારથી વોન્ટેડ આ શખ્સે અગાઉ ગોઝારીયા ખાતે કાપડની દુકાનમાં ચોરી અને માણસા ખાતે બાઈક ચોરી કરી હતી અને પકડાઈ ચુકેલો છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે એક વોન્ટેડ આરોપી ગાંધીનગર રૂપાલ ખાતે આવ્યો છે. બનાસકાંઠાના ભાભર તાલુકાના ઈન્દરવા ગામનો અમરત વના ઠાકોર નામના આ વોન્ટેડ આરોપીને પકડી પુછપરછ શરુ કરવામાં આવી છે. આ શખ્સે ૯ વર્ષ પહેલા ભીલડી ટાઉન વિસ્તારમાં આવેલી દેવી મોબાઈલ એન્ડ કોમ્પ્યુટર નામની દુકાનનું શટર તોડી રૂ. ૯૬ હજારના મોબાઈલો તથા કોમ્પ્યુટર ચોર્યા હતા. આ શખ્સ અગાઉ ગોઝારીયા ખાતે કાપડની દુકાનમાં ચોરીના ગુનામાં અને માણસા ખાતે બાઈકચોરીના ગુનામાં પણ પકડાઈ ચુકેલો છે. એલસીબીએ આ વોન્ટેડ શખ્સની રૂપાલથી ધરપકડ કરી લઈને ભીલડી ટાઉન પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.



## ગુજરાત ભાવસાર સમાજ દ્વારા યુવક-યુવતિઓનો પરિચય મેળો યોજાશે

શ્રી ગુજરાત ભાવસાર સમાજ દ્વારા આગામી તા.૩૧-૧૨-૨૦૧૭ને રવિવારના રોજ સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓનો પરિચય મેળો તથા ઈનામ વિતરણ સમારંભ, મુખીની વાડી, નમ્રતા ટેનામેન્ટની બાજુમાં પારસનગર,ઈસનપુર વટવા રોડ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ છે તેમ પ્રમુખ ગુજરાત ભાવસાર સમાજના પ્રમુખે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. હેમાબેન હોકભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૫
- સ્વ. પોપટસિંહ ભિખુસિંહ વાઘેલા, ઉ.વ. ૪૦
- સ્વ. મંજીબેન શકરાભાઈ ઓડ, ઉ.વ. ૩૫
- સ્વ. કુંવરબેન ફતાજી ઠાકોર, ઉ.વ.૭૫
- સ્વ. ભૂપતસિંહ લાલસિંહ ઝાલા, ઉ.વ. ૭૨
- સ્વ. બચુજી નટવરજી ગોહિલ, ઉ.વ. ૪૫